# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-03-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અમિતા વાંઝા** વાંચે છે.

---

- કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત આવતીકાલે કરવામાં આવશે.
- રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીએ લોકસભા ચૂંટણીની તૈયારી સંદર્ભે રાજ્યના તમામ જીલ્લા કલેક્ટરો સાથે વર્ચ્યુઅલી ચર્ચા કરી.
- રાજ્યના અંતરિયાળ અને ગામડા વિસ્તારોના રસ્તાઓને વધુ સુદ્રઢ કરવા માટે રાજ્ય સરકારે ૩ હજાર ૮૪૨ કરોડ રૂપિયાના કામોને મંજૂરી આપી..
- રાજ્યમાં આગામી ૧૮મી માર્ચથી ત્રણ મહિના સુધી તુવેર, ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરાશે.
- આજે વિશ્વ ગ્રાહક અધિકાર દિને આંતરરાષ્ટ્રીય સંસ્થાએ વજન ઉત્પાદકોને પ્રમાણપત્ર આપવાની સત્તા અમદાવાદ ખાતેની રીજનલ રેફરન્સ સ્ટેન્ડર્ડ લેબોરેટરીને આપી.
- કેન્દ્ર સરકારે દેશમાં સ્વદેશી ઇલેક્ટ્રીક વાહનોના નિર્માણને પ્રોત્સાહન આપવા અને આ ક્ષેત્રે મૂડીરોકાણ આકર્ષવા નવી નીતીની જાહેરાત કરી..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## ECI--LOK-SABHA-POLLS

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત આવતીકાલે કરવામાં આવશે. આવતીકાલે નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે લોકસભાની સાથે સાથે ચૂંટણી પંચ દ્વારા કેટલીક રાજ્ય વિધાનસભાઓની ચૂંટણીના કાર્યક્રમોની જાહેરાત કરાશે. વર્ષ 2019માં લોકસભાની ચૂંટણી એપ્રિલ અને મે માં સાત તબક્કામાં યોજાઇ હતી. આ વર્ષે પણ લોકસભાની સામાન્ય ચૂંટણી એપ્રિલ અને મે મહિનામાં એકથી વધુ તબક્કામાં યોજાવાની સંભાવના છે.

લોકસભાની સામાન્ય ચૂંટણીના કાર્યક્રમની હજી સત્તાવાર જાહેરાત થઇ નથી, છતાં સત્તાધારી ભાજપે 267 ઉમેદવારોના નામની જ્યારે મુખ્ય વિપક્ષ કોંગ્રેસે 82 ઉમેદવારોના નામની જાહેરાત કરી છે.

## LOKSABHA- MATDAN JAGRUTI

લોકસભા ચૂંટણી સંદર્ભે ગાંધીનગર ખાતેથી રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ તમામ જિલ્લા કલેકટરો સાથે વિડિયો કોન્ફરન્સના માધ્યમથી વાતચીત કરી અને લોકસભા ચૂંટણી સંદર્ભની તૈયારી અંગે ચર્ચા અને જરૂરી માર્ગદર્શન આપ્યું. આ કોન્ફરન્સમાં તમામ જીલ્લાના કલેકટરો અને અધિકારીઓ જોડાયા હતા.

રાજ્યના વિવિધ જીલ્લામાં મતદાન જાગૃતિ અંગે કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. કચ્છ જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીના અધ્યક્ષસ્થાને જિલ્લાની વિવિધ સંસ્થાઓ સાથે બેઠક યોજાઇ.

પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ દરમિયાન કોલેજના વિદ્યાર્થીઓને ડિજિટલ માધ્યમના ઉપયોગ દ્વારા

ચૂંટણીકાર્ડ, મતદાર બુથ કેવી રીતે જાણી શકાય તે અંગે માહિતગાર કરાયા હતા.

પોરબંદર જીલ્લામાં જીલ્લા ચૂંટણી વિભાગ દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ, મતદાન શપથ અને મતદાન નિર્દશન કરાયું હતું.

તો ભાવનગર જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાર જાગૃતિ માટેની વોકાથોન રેલી યોજાઇ હતી.

## ELECTION- PRACHAR

ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને  મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદમાં આગામી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને પક્ષના પ્રચારનો આરંભ કર્યો.

જ્યારે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને પણ ગુજરાતમાં લોકસભા ચૂંટણી માટે પોતાના પક્ષના પ્રચારનો આરંભ કર્યો.

## CM- ROAD RASTA VIKAS KAM

રાજ્યના અંતરિયાળ અને ગામડા વિસ્તારોના રસ્તાઓને વધુ સુદ્રઢ કરવા માટે રાજ્ય સરકારે ૩ હજાર ૮૪૨ કરોડ રૂપિયાના કામોને મંજૂરી આપી છે. રાજ્યની તમામ જિલ્લાઓમાં પંચાયત હસ્તકના ૭ હજાર ૪૫૩ કિલોમીટરના ગામડાઓના આંતરિક માર્ગોના નવીનીકરણ માટે ૩ હજાર ૧૨૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે..

રાજ્યના સરહદી ગામો-બોર્ડર વિલેજ, પરાઓ ચોમાસા દરમિયાન અન્ય માર્ગોથી વિખૂટા થઈ જતા હોય તેવા, તેમજ તથા આદિજાતિ વિસ્તારોના ૨૫૦થી ઓછી વસ્તી ધરાવતા પરાઓને જોડતા ૫૧૫ માર્ગોનું નવીનીકરણ કરાશે.

## TEKA NA BHAVE KHARIDI

રાજ્યમાં આગામી ૧૮મી માર્ચથી ત્રણ મહિના સુધી તુવેર, ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરાશે..

કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી બે લાખ 45 હજાર મેટ્રીક ટન તુવેરની ખરીદી કરાશે. ત્રણ લાખ 24 હજાર મેટ્રીક ટન ચણા અને એક લાખ 51 હજાર મેટ્રીક ટન રાયડાની ખરીદી કરાશે, જેનાથી રાજ્યના અંદાજે સવા ત્રણ લાખથી વધુ ખેડૂતોને લાભ થશે.

ટેકાના ભાવથી ખરીદી માટે રાજ્યના ખેડૂતોએ નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર નોંધણી કરાવી શકે છે. ખેડૂતો પાસેથી કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરાયેલા ટેકાના ભાવે ખરીદી કરાશે. જે અંતર્ગત, તુવેર માટે ૭ હજાર રૂપિયા પ્રતિ ક્વીન્ટલ, ચણા માટે ૫ હજાર ૪૪૦ અને રાયડા માટે ૫ હજાર ૬૫૦ પ્રતિ ક્વીન્ટલ ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો છે. ટેકાના ભાવે ખરીદી કરવા માટે રાજ્યભરમાં 437 કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે.

## WORLD CONSUMER RIGHTS DAY

આજે વિશ્વ ગ્રાહક અધિકાર દિને ચીજવસ્તુઓના વજન પ્રમાણીકરણ માટેની આંતરરાષ્ટ્રીય સંસ્થાએ વજન ઉત્પાદકોને પ્રમાણપત્ર આપવાની સત્તા અમદાવાદ ખાતેની રીજનલ રેફરન્સ સ્ટેન્ડર્ડ લેબોરેટરીને આપી છે.

કેન્દ્રિય ગ્રાહક બાબતોના મંત્રી પિયુષ ગોયલે આજે મુંબઇમાં ચીજવસ્તુઓના વજન પ્રમાણીકરણ માટેની આંતરરાષ્ટ્રીય સંસ્થાના ધોરણે દેશમાં ખાનગી વજન ઉત્પાદકોને પ્રમાણપત્ર આપવાની વ્યવસ્થાનો આરંભ કરાવ્યો. કેન્દ્ર સરકારે જીવન જરૂરી 22 ચીજવસ્તુઓની કિંમત પર

નજર રાખવા 34 રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 550 કિંમત દેખરેખ ડેશબોર્ડ શરૂ કર્યા છે.

વિશ્વ ગ્રાહક દિને વિવિધ રાજ્યમાં પણ જાગૃતતા કાર્યક્રમ યોજાયા. **રાજ્ય કક્ષાની ઉજવણી NFSU ગાંધીનગર ખાતે** અન્ન નાગરીક પુરવઠા વિભાગના અગ્ર સચિવ શ્રી આર. સી. મીનાના અધ્યક્ષસ્થાને **કરવામાં આવી..**

અત્રે ઉલ્લેખનીય છે કે, વિશ્વ ગ્રાહક અધિકાર દિવસની ઉજવણીનો હેતુ ગ્રાહકોને તેમના અધિકારો વિશે જાગૃત કરવાનો છે.

## E-VEHICLE POLICY

કેન્દ્ર સરકારે દેશમાં સ્વદેશી ઇલેક્ટ્રીક વાહનોના નિર્માણને પ્રોત્સાહન આપવા અને આ ક્ષેત્રે મૂડીરોકાણ આકર્ષવા નવી નીતીની જાહેરાત કરી છે. નવી નીતીના કારણે ઇલેક્ટ્રીક વાહન ઉત્પાદકોમાં તંદુરસ્ત સ્પર્ધાને પ્રોત્સાહન મળશે તેમજ ગ્રાહકોને અદ્યતન ટેકનોલોજીનો લાભ મળી શકશે. ઇલેક્ટ્રીક વાહનોનું ઉત્પાદન અને ઉપયોગ વધતાં દેશમાં આયાત કરાતાં ખનીજ તેલનું પ્રમાણ ઘટશે તેમજ પ્રદૂષણમાં પણ ઘટાડો થશે.

ઇલેક્ટ્રીક વાહનો માટેની નવી નીતીમાં ઉત્પાદકો માટે 4 હજાર 150 કરોડ રૂપિયાનું લઘુત્તમ મૂડીરોકાણ આવશ્યક છે. જો કે, મહત્તમ મૂડીરોકાણ માટે કોઇ મર્યાદા નથી. આ નીતી હેઠળ સંબંધિત વાહન ઉત્પાદકોએ 3 વર્ષમાં ઉત્પાદન એકમ સ્થાપવાનું રહેશે. અને દર વર્ષે વધુમાં વધુ 8 હજાર ઇલેક્ટ્રીક વાહનોનું ઉત્પાદન કરી શકાશે.

## HARSH SANGHVI- S.T. BUS

હોળી- ધૂળેટીના તહેવાર નિમિત્તે એસ.ટી. નિગમ દ્વારા આગામી 19થી 25મી માર્ચ દરમિયાન વધારાની 1500 બસો દોડાવાશે તેમ વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે. મુસાફરો ડેપો ખાતેથી તથા નિગમની વેબસાઈટ અને મોબાઇલ એપ્લિકેશન પરથી ઓનલાઈન બુકિંગ કરાવી શકશે. વધુમાં એસ.ટી. નિગમના અધિકારી આર. ડી. ગળચરે આ મુજબ જણાવ્યું...

**(બાઇટ- આર. ડી. ગળચર)**

## S.T. BUS STATION LOKARPAN

સુરેન્દ્રનગર જિલ્લાના થાન ખાતે ૧ કરોડ ૬૯ લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ નવા બસ સ્ટેશનને ચોટીલાના ધારાસભ્યે ખુલ્લુ મુક્યું.. આ અદ્યતન બસ સ્ટેશનના નિર્માણથી નાગરિકોની પરિવહનની સુવિધામાં વધારો થશે.

જ્યારે મોરબીના વાંકાનેર ખાતે અંદાજે ૪૨૨ લાખ રૂપિયાના ખર્ચે નવનિર્મિત બસ સ્ટેશનનો લોકાર્પણ રાજ્યસભાના સંસદ સભ્ય કેસરીદેવસિંહ ઝાલાના હસ્તે કરવામાં આવ્યું.

## BHARAT VIKAS DIARY- EP. - 25

પ્રાદેશિક સમાચાર વિભાગ દ્વારા આજે રાત્રે આઠ વાગે પ્રસારિત થનાર “ભારત વિકાસ ડાયરી” કાર્યક્રમના 25મા અંકમાં અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ લોકસભા વિસ્તારના વિકાસની ગાથા રજુ કરવામાં આવશે.

## ETHANOL100-ALTERNATE-FUEL

કેન્દ્ર સરકારે વાહનો માટે વૈકલ્પિક અને પર્યાવરણને અનુકૂળ એવું ઇથેનોલ –હંડ્રેડ ઇંધણ રજૂ કર્યું છે. ઇન્ડિયન ઓઇલ કંપની ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, તામિળનાડુ, અને દિલ્હી રાજયોમાં કુલ

183 વેચારણ કેન્દ્રો પરથી ઇથેનોલ –હંડ્રેડ ઇંધણનું વેચાણ કરશે. તબક્કાવાર આ વેચાણ કેન્દ્રોની સંખ્યા વધારીને 400 કરાશે.

આજે દિલ્હીમાં યોજાયેલ કાર્યક્રમમાં આ ઇંધણ રજૂ કરતાં કેન્દ્રિય પેટ્રોલિયમ મંત્રી હરદીપસિંહ પુરીએ આ મુજબ જણાવ્યું..

## RUPALA- SAGAR PARIKRAMA

કેન્દ્રિય મત્સ્યઉદ્યોગમંત્રી પરસોત્તમ રૂપાલાએ આજે રાજકોટમાં "સાગર પરિક્રમા પુસ્તક તથા વીડિયો" લોન્ચ કર્યો. જેમાં દેશના વિવિધ રાજ્યોના દરિયામાં- સાગર પરિક્રમા યોજના અંતર્ગત કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાએ કરેલી 'સાગર પરિક્રમા'ની ફલશ્રુતિ વર્ણવેલ છે.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલાએ જણાવ્યું કે, ૪૪ દિવસની સાગર પરિક્રમા દરમિયાન દેશના દરિયાકાંઠા વિસ્તારોમાં રહેતા માછીમારોની મુશ્કેલી જાણવા મળી છે. અનેક જગ્યાઓએ માછીમારોની સમસ્યાઓનો સ્થળ પર જ નિકાલ લાવવામાં આવ્યો છે..

અત્રે ઉલ્લેખનીય છે કે, દેશભરના માછીમારો અને મત્સ્ય ઉત્પાદકો સાથે સીધો સંપર્ક-સંવાદ સ્થાપિત કરવાના હેતુથી માર્ચ ૨૦૨૨માં ગુજરાતના માંડવીથી  સાગર પરિક્રમા શરૂ થઈ અને પશ્ચિમ બંગાળના ગંગાસાગરમાં વિરામ પામી હતી. દેશના સાગરકાંઠાના ૮૨ માંથી ૮૦ જિલ્લા, અને દેશના ૮ હજાર ૧૧૮ કિલોમીટર સમુદ્રી ક્ષેત્રમાંથી ૭ હજાર ૯૮૬ કિલોમીટરની સાગર પરિક્રમા' કરવામાં આવી..

## RUDA- PIVA NU PANI

હવે રાજકોટ શહેરી વિસ્તાર તથા રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી-'રૂડા' વિસ્તારના ગામોની 18 લાખ ઉપરાંતની વસ્તીને દરરોજ ૧૩૫ એમ.એલ.ડી પાણી મળશે.. રાજ્ય સરકારે હડાળા પમ્પિંગ સ્ટેશનથી

કોઠારીયા હેડ વર્કસ સુધી બલ્ક પાઇપલાઇન પ્રોજેક્ટ માટે અંદાજે ૨૯૫ કરોડથી વધુ રૂપિયાની મંજૂરી આપી. પાણીના વધારાની જરૂરિયાતને પહોંચી વળવા રાજ્ય સરકારે આ નિર્ણય કર્યો છે.